"અરે આ વરસાદે તો ભારે કરી..."

"કેમ, ભારે કરી..? એના સમયે આવશે. ધીરજ રાખો, ભરોસો રાખો. તમારી મરજીથી ના આવે. વાદળો બંધાય અને ભેજ જામે ત્યારે જ આવે."

"હવે તુ રાખ તારૂ જ્ઞાન તારી પાસે. એ તો બધુ અમને ખબર જ છે... પણ આ બફારામાં બફાઈએ છીએ એની વાત કરોને..."

"હા...હા...હા... આપણા હાથમાં નથી સાહેબ કે આપણે ધારીએ ત્યારે લાવી શકીએ અને ધારીએ ત્યારે બંધ કરી શકીએ. આજ તો હવામાન ખાતુ એમ કહે છે કે હવે તો છેલ્લા સપ્તાહમાં આવશે."

"હં... મને સમજાતુ નથી, આ હવામાનખાતુ ય રાજકારણ જેવુ થઈ ગયુ છે. અભી બોલા, અભી ફોક, એમણે જ કહ્યુ હતુ કે વરસાદ વહેલો આવશે, ધોધમાર આવશે, અમે તો નાવડીના ઓર્ડર આપ્યા અને હજુ તો વરસાદના ક્યાંય એંધાણ નથી, ખરેખર એમણે મોદી જેવુ કર્યું."

"એટલે..? પંદર લાખ જેવુ ?"

"હમમ... એવું જ એવુ જ, બધે આવુ જ છે. વાદળો આવે છે, વાદળો છવાય છે અને વિખરાય છે એટલે માની ના લેવુ કે વરસાદ પડશે."

"સાચી વાત છે હો. વાદળો ઘેરાઈ જાય એટલે એમ લાગે તે વાતાવરણ પલ્ટાયું અને હમણાં..."

"હમણાં હમણાં એટલે પેલી કાલની ચાલે છે એવી અફવા જેવું...?"

"હા એ અફવાએ તો જોર પકડ્યુ છે અને અફવા તો એવી ચાલી એવી ચાલી કે હમણાં મુખ્યમંત્રી રાજીનામુ આપશે અને નવુ નામ જાહેર થશે."

"હા... એવું જ. આજે સચિવાલયમાંય કર્મચારીઓ, અધિકારીઓએ કામ ઓછુ કર્યુ કેમ કે સરકાર નવી આવવાની છે."

"અને... અધુરામાં પુરૂ હાર્દિકે પેટ્રોલ છાંટ્યુ..! મીડિયા સમક્ષ દાવો કર્યો કે દસ દિવસમાં નવા મુખ્યમંત્રી આવે છે. વર્તમાન મુખ્યમંત્રીનુ રાજીનામુ લેવાઈ ગયુ છે, વિગેરે વિગેરે... એની સ્ટાઈલમાં."

"પછી તો જામ્યુ ચકડોળ.... ને મુખ્યમંત્રી, ને નાયબ મુખ્યમંત્રી, ને વક્તાઓ અને પ્રવક્તાઓ ખુલાસાઓ પર ખુલાસા આપવા માંડ્યા. રાજીનામાની કોઈ વાત નથી, કારણ નથી, કોઈ વિચાર નથી. આ ગુજરાતને અસ્થિર કરવાનુ કાવતરૂ છે વગેરે વગેરે..."

"વા વાયો ને નળીયુ ખસ્યુ... જેવો ઘાટ છે, પણ કંઈક તો છે ને, આગ આગની બૂમ પડે ત્યાં ધુમાડો તો હોય જને. સાવ ડીંગે ડીંગ ન હોય ને..."

"હા... એકદમ સાચી વાત છે. મીડિયાને માહિતી આપી કોણે..? ભાજપના અસંતુષ્ટ જુથે. મીડિયા સ્વપ્નાઓ પર ઓછુ ચાલે છે. અને સુત્રોના નામ જાહેર નથી કરાતા એ મીડિયાની મજબુરીનો રાજકારણીઓ ફાયદો ઉઠાવે છે."

"એટલે તમારૂ કહેવું એમ છે કે અમારા પક્ષમાં બે જુથ છે."

"બે નહી... ત્રણ છે અને ચોથુ અદૃશ્ય છે. એ સમય આવે જ મેદાનમાં આવે છે. તમારે ત્યાંય સખળ-ડખળ અમારા જેવી જ અને અમારા જેટલી જ છે."

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં પ્રથમ દિવસે ધો. ૧માં ૫૭૮૮ બાળકોને પ્રવેશ

ધો. ૯માં ૭૫૪૦ બાળકોએ પ્રવેશ મેળવ્યો : ૩૫ શાળાઓમાં ટ્રાન્સપોર્ટની સુવિધા અપાઈ; ૨૩ લાખનું દાન કન્યા કેળવણીમાં મળ્યું; ૨૪૦ શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો : ધો. ૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો અભાવ દેખાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજે શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ધો. ૧માં ૫૭૮૮ બાળકોએ તો ધો. ૯માં ૭૫૪૦ બાળકોએ અને આંગણવાડીમાં ૨૫૧૦ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

જિલ્લાની ૨૪૦ શાળાઓમાં આજે પ્રવેશોત્સવના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં ૯૯ જેટલા મહાનુભાવોએ હાજરી આપી હતી.

પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જ રૂ. ૨૩ લાખથી વધુનું દાન મળવા પામ્યુ છે. જેમાં ૪.૨૬ લાખનું રોકડ દાન તેમજ રૂ. ૧૮.૮૧ લાખનું વસ્તુના સ્વરૂપમાં દાન મળવા પામ્યુ છે.

આજે કલોલ તાલુકામાં બે બાળકોએ શાળાનો અભ્યાસ છોડી દીધા બાદ પુનઃ પ્રવેશ મેળવ્યો છે. તો પ્રથમ દિવસે ૪૯ જેટલા દિવ્યાંગ બાળકોએ પણ આજે પ્રવેશ મેળવ્યો છે.

આજના પ્રવેશોત્સવમાં જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા માણસા તાલુકાના ગોકુલનગરમાં શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં જોડાયા હતા. શિક્ષણ સમિતિના ચેમરેન ગીતાબેન પટેલ ભાટ અને કોટેશ્વર ખાતે પ્રવેશોત્સવના કાર્યક્રમમાં જોડાયા હતા. તેમની સાથે સ્થાનિક જિલ્લા પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોર પણ જોડાયા હતા. જિલ્લા પ્રા. શિ. અધિકારી પંડ્યા દહેગામ તાલુકાના નાદોલ ગામે પહોંચ્યા હતા તો નાયબ પ્રા.શિ.અ. કિરણબેન પટેલ કોટેશ્વર પહોંચ્યા હતા.

વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને ભાજપના અગ્રણી રમણલાલ વોરા કલોલ તાલુકાના વેડા ગામે પ્રવેશોત્સવમાં જોડાયા હતા.

ધો. ૧માં ૨૯૯૬ કુમાર અને ૨૭૯૨ કન્યાઓએ મળી કુલ ૫૭૮૮ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. તો ધો. ૯માં ૪૪૧૧ કુમાર અને ૩૧૨૯ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો હતો. આંગણવાડીમાં ૧૨૬૮ કુમાર અને ૧૨૪૨ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો હતો.

આજે પ્રવેશોત્સવના પ્રથમ દિવસે વિવિધ વક્તાઓએ તેમના પ્રવચનમાં જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવી શૈક્ષણિક ક્રાંતિથી જીવનમાં આવતા બદલાવની વાતો કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર તાલુકા પંચાયતના બળવાખોર કોંગ્રેસી સભ્યો બિનશરતે પક્ષમાં પાછા ફર્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકા પંચાયતમાં આજે યોજાનારી બેઠકમાં કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિ પર કબ્જો મેળવવા માટે કોંગ્રેસે તેના બળવો કરી ગયેલા ૬ સભ્યોને બિનશરતી પક્ષમાં પાછા ફરવા માટે સમજાવી લેવામાં સફળતા મેળવતાં કોંગ્રેસ માટેનો માર્ગ સરળ બન્યો છે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિનું અધ્યક્ષપદ અપક્ષ સભ્યને ફાળવવાના મુદ્દે સમજૂતી થઈ છે તેમજ બળવો કરી ગેરહાજર રહેનાર છ પૈકી બે સભ્યોને કારોબારીમાં સ્થાન આપવાની પણ સહમતિ બનતાં કોંગ્રેસમાં ખુશહાલીનો માહોલ જોવા મળ્યો હતો.

મોડી સાંજે પક્ષના કાર્યાલય ખાતે યોજાયેલી સભ્યોની બેઠકમાં હાજરી આપી

છેલ્લા બે દિવસના જિલ્લા આગેવાનોના ભરચક પ્રયાસો પછી મળેલી આ સફળતાને પગલે ભાજપની નેતાગીરી પણ ચૌંકી ઉઠી છે.

આજે સાંજે સેક્ટર-૨૨ના કોંગ્રેસ કાર્યાલય ખાતે બળવો કરી ગેરહાજર રહેલા સભ્યો પણ બેઠકમાં હાજરી આપવા આવી પહોંચ્યા હતા. આ વખતે કોંગ્રેસના કાર્યકરોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

બીજી તરફ ભાજપે પણ કારોબારી સમિતિ પર કબ્જો જમાવવા માટેના મરણિયા પ્રયાસો શરૂ કર્યા છે તેમણે કોંગ્રેસના જ કેટલાક સભ્યો અને આગેવાનોનો સંપર્ક શરૂ કર્યો હોવાની વાતો વહેતી થતાં કોંગ્રેસ પણ ચોંકન્ન થઈ ગઈ છે અને બધા સભ્યોને સલામત કરી દીધા હોવાનું પક્ષના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

વરસાદ ખેંચાયો, હવે જુનના અંતિમ સપ્તાહમાં આગમન : હવામાન વિભાગ

ગાંધીનગર તા ૧૪

ઉનાળાની આકરી ગરમીના અંતે નગરજનો વરસાદની વાટે છે. પરંતુ ગુજરાતમાં હજુ જુનના અંતમાં મેઘરાજાનુ આગમન થશે તેમ હવામાન નિષ્ણાંતો જણાંવી રહયા છે. જુનના મધ્યમાં મેઘાના વધામણા કરવા નગરજનો ઉત્સુક હતા. પરંતુ હજુ વરસાદ ખેંચાતા ગરમીથી ત્રસ્ત નગરજનોની મીટ નભ તરફ મંડરાઈ છે.

આકરી ગરમી વચ્ચે વરસાદની વાટ નિહાળતા નગરજનોએ હજુ બફારો સહન કરવો પડશે

આકરા ઉનાળામાં કાળઝાળ ગરમીથી પ્રભાવિત જનજીવન હવે વરસાદની વાટે છે. અસહ્ય ગરમીના લીધે આમ નાગરિકો બેબાકળા બન્યા છે. જયારે ગરમીથી ત્રાહીમામ નગરજનો વરસાદ ક્યારે આવશે તેની કાગડોળે વાટ નિહાળી રહયા છે. વારંવાર બદલાતા મોસમ વચ્ચે આશ જગાવતા મેઘરાજા હજુ પણ વરસવાના મુડમાં ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. અગાઉ જુનના મધ્યમાં વરસાદનુ આગમન થાય તેવી સંભાવના વ્યકત કરવામાં આવી હતી.જયારે કર્ણાટક અને મુંબઈમાં વરસાદના આગમન બાદ ગુજરાતમાં પણ ઝડપથી વરસાદી વાયરો ફુંકાશે તેવી સંભાવના પ્રબળ બની હતી. પરંતુ છેલ્લા બે ચાર દિવસથી આકરી ગરમી અને બફારા વચ્ચે વરસાદી વાદળો ગોરંભાઈને ક્યારે વરસશે તેની આશ વધુ પ્રબળ બની છે. પરંતુ હવામાન વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ ગુજરાતમાં વરસાદ ૧૫ દિવસ ખેચાશે. અલબત્ત જુનના અંતિમ સપ્તાહમાં વરસાદ આવશે. મહિનાના અંતમાં ચોમાસાની શરૂઆત થશે. ઉનાળા દરમિયાન આકરી ગરમીથી સૌ કોઈ તોબા પોકારી ગયા છે. જયારે ગરમીથી જનઆરોગ્ય પણ પ્રભાવિત થયુ છે. જયારે ગરમીથી છુટકારો મેળવવા માટે વરસાદ તરફ મીટ મંડરાઈ છે.

આજે મહેસુલમંત્રી કૌશિક પટેલ જિલ્લાની સમીક્ષા માટે મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૪

રાજયના મહેસુલ મંત્રી કૌશિક પટેલ આજે જિલ્લાતંત્રના અધિકારીઓ સાથે કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક કરશે.

મહેસુલ મંત્રી કૌશિક પટેલ સાંજે ૪ વાગે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચશે. તેઓ જિલ્લાની મહેસુલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જમીન રિસર્વેની કામગીરી, જમીન તકેદારી સમિતિ સમક્ષ નોંધાયેલ ફરિયાદો અને થયેલ કાર્યવાહી, ગાંધીનગર જિલ્લામાં જંત્રીની વિસંગતતાઓ દૂર કરવા માટે થયેલી કાર્યવાહી, જમીનના વિવિધ કેસોની સ્થિતિ વિગેરે મુદ્દાઓને આવરી લઈ તેઓ સમીક્ષા કરનાર છે.

મહેસુલ મંત્રીની આ મુલાકાતને લઈ જિલ્લાતંત્ર દ્વારા પણ ખાસ પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવી રહ્યુ છે. જિલ્લામાં સરકાર સાથેના પડતર પ્રશ્નો, ખાસ કરીને તુમાર, ફાઈલોનું વર્ગીકરણ, રેકર્ડરૂમ જેવા પ્રશ્નો પણ સમીક્ષા દરમ્યાન ચર્ચામાં આવી શકે છે.

મળતી વિગતો મુજબ જિલ્લા કલેક્ટરશ્રીએ આમ તો મુલાકાત માટે ત્રણેક કલાકનો સમય ફાળવેલ છે. જો કે તંત્ર મંત્રીશ્રીની મુલાકાત અંગે હાલ કંઈ પણ બોલવાના મુડમાં નથી.

વિશ્વ યોગ દિવસની તૈયારી - શહેરમાં અનેક સ્થાનો પર નિઃશુલ્ક યોગ પ્રશિક્ષણના કાર્યક્રમો યોજાય છે... શહેરની અનેક સંસ્થાઓ અને સંગઠનો યોગની તાલીમ મેળવી રહ્યા છે... આગામી ૨૧મીએ વિશ્વ યોગ દિવસે યોજાનાર સામુહિક યોગ નિદર્શન કાર્યક્રમમાં જોડાવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે...

પ્રદેશ નિરીક્ષકોની હાજરીમાં આજે કોંગ્રેસના સભ્યો અને કારોબારીની સંયુક્ત બેઠક

ગાંધીનગર, તા. ૧૪

આગામી ૨૦મી જુને યોજાનાર જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી માટે સભ્યોના મન જાણવા માટે પ્રદેશ નીરીક્ષકો ગાંધીનગર આવી રહ્યા છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિએ આજે નિરીક્ષકો આવી રહ્યા હોવાથી જિલ્લાના ચૂંટાયેલા સભ્યો તેમજ કારોબારીની બેઠક પણ જિલ્લા પંચાયત ખાતે યોજવાનો નિર્ણય કરી અને તેની જાણ સૌને કરી દીધી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખની મુદત ૨૦મીએ પુરી થઈ રહી છે અને તે માટે ખાસ સામાન્ય સભા પણ આ દિવસે યોજાવાની છે.

જિલ્લા પંચાયતમાં હાલ કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ૨૪ની છે પણ કોંગ્રેસ બે જૂથમાં વહેંચાલી છે. કોંગ્રેસમાંથી પંચાયતના પ્રમુખ માટે અર્ધો ડઝન જેટલા સભ્યોએ દાવેદારી નોંધાવી છે. પંચાયતના સરદાર હોલ ખાતે બપોરે ૧ વાગે મળનારી આ બેઠકમાં નિરીક્ષકો નિરંજન પટેલ, ગેનીબેન ઠાકોર, રઘુભાઈ વિશેષ હાજર રહેનાર છે. તેઓ સભ્યોને એક-એક કરી અલગ રીતે મળશે અને તેમના મન જાણશે.

નિરીક્ષકો સભ્યોને મળી પ્રમુખના ઉમેદવાર માટે મન જાણી અહેવાલ તૈયાર કરશે

આ પછી નિરીક્ષકો તેમનો અહેવાલ પ્રદેશ સમિતિને આપશે અને પ્રદેશ સમિતિ દ્વારા ૧૮મીએ ઉમેદવારની ઘોષણા કરાશે. જિલ્લા પંચાયતમાં પ્રમુખપદ આ વખતે રોટેશનમાં મહિલા માટે અનામત રાખવામાં આવ્યુ છે. મળતી વિગતો પણ આ બેઠકમાં પક્ષના ચૂંટાયેલા ધારાસભ્યો પણ હાજર રહેનાર છે. આ ધારાસભ્યોનો પણ પ્રમુખની પસંદગીમાં મત લેવામાં આવશે. સર્વસંમત પ્રમુખની પસંદગીને અગ્રતા આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. આજે કોંગ્રેસની કારોબારી બેઠકમાં જિલ્લાની રાજકીય સ્થિતિને લઈ પણ ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે.

સેક્ટર-૧ના તળાવ વચ્ચે ફાઉન્ટેઈન મુકાશે : આસપાસ બ્યુટીફીકેશન કરાશે

ગાંધીનગર તા ૧૪

શહેરના સે-૧ તળાવનો હવાલો કોર્પોરેશનને સોંપવામાં આવ્યો છે. એક દાયકાના વધુ સમયના અંતે પણ તળાવની રોનક નિખરી નથી. જયારે હાલ ટાટા કન્સલટન્સીને તળાવ વિકાસની યોજનાને ઓપ આપવા માટે રીપોર્ટ તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. તળાવના તળિયાને યોગ્ય કરવા ઉપરાંત ફાઉન્ટેઈન મુકવા સહીત આ વિસ્તારમાં ખાલી રહેતી ૧૦ હજાર ચો મી જેટલી જગ્યામાં બ્યુટીફિકેશન કરવા માટે પણ નવતર આયોજન કરવામાં આવશે.

તળિયાને યોગ્ય કરી તળાવમાં ફુવારા મુકાશે : આસપાસના વિસ્તારની સફાઇ કરી બ્યુટીફીકેશન કરવા માટે એજન્સીએ સર્વે હાથ ધર્યો

શેહરના સે-૧ માં દોઢ દાયકા પુર્વે તળાવ વિકાસની યોજનાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે હજુ સુધી તળાવની રોનક નિખરી નથી. તળાવ વિકાસની યોજના અન્વયે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ તળાવમાં પાણી ન ભરાતા તળાવને પિકનિક સ્પોટ બનાવવાનુ સ્વપ્ન પણ હજુ સાકાર થયુ નથી. તળાવના તળિયાની તરસ ન છીપાતા પાટનગર યોજના વિભાગ દ્વારા આખરે તળાવની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. જયારે કોર્પોરેશન દ્વારા તળાવના બ્યુટીફિકેશન માટે નવી યોજના તૈયાર કરવા માટે સર્વે હાથ ધરવા માટે ટાટા કન્સલટન્સીને જવાબદારી સોંપવામાં આવી છે. ટુંકમાં જ આ યોજનાને અનુલક્ષી રીપોર્ટ તૈયાર કરી દેવાશે. જયારે તળાવ વિકાસની યોજનાને ઓપ આપવા માટે જરૂરી ઠેકાણે બ્યુટીફીકેશન કરાશે. સ્લોપીંગ ગાર્ડન યથાવત રાખી આ વિસ્તારમાં સ્થિત ૧૦ હજાર ચો મી જેટલી ખાલી જગ્યામાં પણ યોગ્ય બ્યુટીફિકેશન માટે આયોજન કરવામાં આવશે. આ વિસ્તારમાં સફાઇ ઉપરાંત બ્યુટીફિકેશનની યોજના અન્વયે એજન્સી દ્વારા નવો રીપોર્ટ તૈયાર કરી આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. જયારે તળાવના તળિયાને યોગ્ય કરી વચાળે નવો ફાઉન્ટેઈન મુકવામાં આવશે. જો કે તળાવ વિકાસની યોજના અન્વયે બ્યુટીફિકેશનની કામગીરીને અનુલક્ષી હજુ આખરી આયોજન કરવામાં આવ્યુ નથી. પરંતુ ટુંકમાં જ આ મામલે આખરી આયોજન કરવામાં આવશે.

સેકટરોમાં આંતરિક માર્ગોનુ ધોવાણ અટકાવવા માટે વરસાદી પાણીનો નિકાલ જરૂરી

ગાંધીનગર તા ૧૪

શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરાયા બાદ માર્ગોનુ લેવલીંગ જળવાતુ નથી. કોર્પોરેશન કક્ષાએથી સેકટરોમાં હાથ ધરાયેલી પેવર બ્લોકની કામગીરીના લીધે માર્ગો નીચાણમાં ધકેલાઇ ગયા છે. જેના લીધે આગામી ચોમાસા દરમિયાન માર્ગાનુ ધોવાણ થાય તેવી સંભાવના છે. ત્યારે આંતરિક માર્ગોને અડીને અસ્તિત્વ ધરાવતા પેવર બ્લોને માર્ગોની આસપાસથી ખોલીને વરસાદી પાણીના નિકાલની જગ્યા કરવામાં આવે તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

વરસાદ માથે છે. ત્યારે શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈનના ઠેકાણા નથી. શહેરના મોટાભાગના સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નથી. જયારે વરસાદી દિવસો દરમિયાન નગરના સેકટરોમાં કોમન પ્લોટમાં પણ જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. જેના લીધે ગંદકી અને મચ્છરોના ઉપદ્રવ વચ્ચે રોગચાળાની દહેશત પણ પ્રબળ બને છે. બીજીતરફ વરસાદી પાણીનો સમયસર નિકલા ન થતા માર્ગો પર ભરાયેલા પાણીના લીધે રસ્તાઓનુ ધોવાણ થાય છે. થોડા સમય અગાઉ જ સે-૧ થી ૫ માં આંતરિક માર્ગોનુ નવિનીકરણ કરવામાં આવ્યુ છે. આવા સંજોગોમાં વરસાદી પાણીના નિકાલની કોઇ વ્યવસ્થા નથી. જયારે માર્ગો આસપાસ આડેધડ પેવર બ્લોકની કામગીર કરવામાં આવી છે. જયારે ચોમાસા દરમિયાન માર્ગો પર વરસાદી પાણી ભરાઇ જતા નવા રસ્તાઓનુ ધોવાણ થવાની પણ સંભાવના છે. ત્યારે આ વરસાદી પાણીનો નિકાલ થાય તે અત્યંત અનિવાર્ય હોવાનુ પણ સ્થાનિકો માની રહયા છે. સેકટરોના કોમન પ્લોટમાં માટી પુરાણ કરી પેવર બ્લોકની કામગીરીના અંતે માર્ગો નિચાણમાં ધકેલાયા છે. જયારે માર્ગો આસપાસ પેવર બ્લોક કરી દેવાયા છે. જેના લીધે વરસાદી પાણીના નિકાલ માટે જગ્યા રહી નથી. આગામી વરસાદી દિવસો દરમિયાન આંતરિક માર્ગોનુ ધોવાણ અટકાવવા માટે આસપાસના પેવર બ્લોકને પ્રમાણમાં ખોલી પાણીના નિકાલ માટે જગ્યા આપવા પણ તંત્રએ વિચારણા હાથ ધરવી જોઇએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
ઉજવે છે
'વિશ્વ સંગીત દિવસ' નિમિત્તે બે દિવસનો સ્વરાભિષેક ઉત્સવ
A
ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીના સહયોગથી
ગુજરાતી ચલચિત્રોના લોકપ્રિય-લોકહૈયે
સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ
પાંદડું લીલું ને રંગ રાતો
તારીખ : ૨૧/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર
B
'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે
જાણીતા વક્તા શ્રી જય વસાવડાની
પસંદગીના ગીતોનો કાર્યક્રમ
પ્યાર ઝિંદગી હૈ....
પ્રવક્તા-પરિકલ્પના જય વસાવડા
તારીખ : ૨૨/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર
નીરજ પાઠક
સન્ની શાહ
નયના શર્મા
પંકજ પાઠક
સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૧૫૦૦/- (વાર્ષિક)
વ્યક્તિગત રૂા.૮૫૦/- (વાર્ષિક)
સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠે માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેક્ટર-૨ ડો. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૬૦૦૪ શ્રી પરાગ શુક્લ(મો) ૯૯૮૪૦૫૬૪૩,૮૮૪૩૦૨૬૬૮ શ્રી ગજુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક ઝિંબાચિયા (મો) ૯૬૨૪૦૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૨૧૨૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૦
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૧૫૧૪૩૬
(૮) સેક્ટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેક્ટર-૭ શ્રીમતી આસ્તી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦)સેક્ટર-૮ પ્રા. ડો.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડો. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫
આવો... આજે જ સભ્યપદે જોડાઈને નાદિવ્યરમણ કાર્યક્રમોનો આનંદ લૂંટો...
મનોજ શુકલ મંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)
(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે પ્રચંડ પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.
(૨) વર્ષમાં ૭ ઉત્તમ કાર્યક્રમ- પાંચ ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ તથા એક ભોજન-મિલન સમારંભ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com